## :: પ્રેસનોટ ::

### "મહાત્મા ગાંધી નિર્વાણદિન"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૧૯ના રોજ યોજાયેલ પુષ્પાંજલિ તથા ભજન કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૧૯ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે પૂજ્ય મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ તથા ભજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માન.મેયરશ્રી ડો.જગદીશભાઈ પટેલ, ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, ડે.મેયરશ્રી નિરવ શાહ, શાસક પક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા ગાંધીપ્રેમી નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દેશની આઝાદી માટે આખું જીવન સમર્પી દેનાર આ યુગપુરૂષની પ્રતિમાને ચરણે પુષ્પાંજલિ અર્પણ કરી હતી. નગર પ્રાથમિક સ્કૂલના બાળકોએ પણ ગાંધી પ્રતિમાના ચરણે પુષ્પો અર્પણ કર્યા હતા. સત્ય સાંઈ સેવા સમિતિએ મહાત્મા ગાંધીજીને પ્રિય એવા "વૈષ્ણવ જન તો તેને રે કહીએ", "મન એક બાર હરિ બોલ", "મંદિરમે તું રામ સાંઈ" જેવા ભજનો દ્વારા ભાવાંજલી આપી હતી.

સમાચાર યાદી નં. ૭૨૪ , તા.૩૦/૦૧/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.



# પ્રેસનોટ

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતિ ઉજવણીનાં ભાગરૂપે ફુડ સેફટી એન્ડ સ્ટાર્ન્ડડ ઓર્થોરીટી ઓફ ઈન્ડીયા ધ્વારા સ્વસ્થ ભારત યાત્રાનાં બેનર હેઠળ એક સાઈકલ યાત્રા સમગ્ર દેશમાં ૧૬–૧૦–૨૦૧૮ થી કરવામાં આવેલ હતી. જે યાત્રા ગુજરાત ખાતે તા. ૧૯–૧૧–૨૦૧૮ થી દાંડી ખાતેથી પ્રવેશ કરીને સુરત ખાતે તા. ૨૦–૧૧–૨૦૧૮ નાં રોજ સુરત શહેરમાં આવી હતી. દાંડી થી સુરત આવેલા સાઈકલીસ્ટોને મહાનુભાવો ધ્વારા સ્વાગત કરી પ્રમાણપત્ર આપી સમ્માનિત કરવામાં આવેલા. તા. ૨૧–૧૧–૨૦૧૮ નાં રોજ સવારે ૭–૩૦ કલાકે એન.સી.સી. કેડેટસ, શાળા કોલેજનાં વિધાર્થીઓ, વિવિધ એસોસીએશનનાં હોદ્દેદારો, તથા અંદાજે ૧૫૦૦ જેટલા નગરજનોનાં સથવારે ઈટ રાઈટ ઈન્ડીયા થીમ પર 'ઈટ હેલ્થી', 'ઈટ સેફટી' 'ઈટ ફોર્ટીફાઈડ' અને 'નો ફુડ વેસ્ટ' નાં સુત્રને અનુસરવા જનજાગૃતિ અર્થે પ્રભાત ફેરી કરવામાં આવેલ હતી. ત્યારબાદ સવારે ૧૧–૦૦ કલાકે સાયન્સ સેન્ટર ઓડીયોરીયમ ખાતે ઈટ રાઈટ ઈન્ડીયા મુવમેન્ટનાં વિષય પર સેમીનાર રાખી લોક જાગૃતિનો કાર્યક્રમ યોજેલ હતો. સાંજે ૫–૦૦ કલાકે સુરત શહેરનાં વિવિધવિસ્તારો જેવા કે સબજી મંડી, સાયન્સ સેન્ટરની સામે સીટી લાઈટ ખાતે, સ્ટ્રીટ ફુડ હબ, ચોપાટી, અઠવાગેટ તથા નાઈટ બજાર પીપલોદ ઈટ રાઈટ ઈન્ડીયા મુવમેન્ટવિષય પર સેમીનાર રાખી લોક જાગૃતિનો કાર્યક્રમ યોજેલ હતો.

તા. ૨૨–૧૧–૨૦૧૮ નાં રોજ સવારે ૮–૦૦ કલાકે સાયન્સ સેન્ટર સીટીલાઈટ ખાતેથી સુરત શહેરનાં મહાનુભાવો ધ્વારા બેટન અને ફલેગ ઓફ આપી સ્વસ્થ ભારત સાયકલ યાત્રાને પ્રયાણ કરવામાં આવેલ હતી. જે સીટીલાઈટ અણુવ્રત થઈ કેનાલ રોડ કામરેજ થઈ ભરૂચ જવા રવાના થઈ હતી. જેનાં અનુંસધાનમાં સ્વસ્થ ભારત સાયકલ યાત્રાનું સુરત મહાનગરપાલિકા ધ્વારા સર્વશ્રેષ્ઠ આયોજન કરેલ હોય તે માટે ફુડ સેફટી એન્ડ સ્ટાર્ન્ડડ ઓર્થોરીટી ઓફ ઈન્ડીયા ધ્વારા બેસ્ટ પર્ફોર્મીંગ સીટીનો એવોર્ડ સુરત મહાનગરપાલિકાને તા. ૨૯–૦૧–૨૦૧૯ નાં રોજ ન્યુ દિલ્હી ખાતે આપવામાં આવેલ છે.





# Certificate of Appreciation

This certificate is awarded to

*Surat - The Best Performing City in Gujarat*

In recognition of their **contribution and active participation** during the "Swasth Bharat Yatra", a Pan-India cyclothon organised from 16 October 2018 to 27 January 2019

**Pawan Agarwal**
CEO, FSSAI

150 Years of Celebrating the Mahatma

Eat Right India
Healthy. Safe. Fortified.

Swasth Bharat Yatra

# :: પ્રેસનોટ ::

## "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ–દોડ સ્પર્ધા"

વિષય : "પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ, કુરુક્ષેત્ર જહાંગીરપુરા, સુરત" પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ–દોડ સ્પર્ધા"

પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ, કુરુક્ષેત્ર જહાંગીરપુરા, સુરત પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર દોડ સ્પર્ધા" તા.૧૭/૦૨/૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૭.૦૦ કલાકે તથા "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ સ્પર્ધા" સવારે ૮.૦૦ કલાકે વી.આર.મોલની સામે, વાય જંકશન પાસે, સુરત–ડુમ્મસ રોડ, સુરત ખાતે યોજવામાં આવનાર છે. આ સ્પર્ધામાં ૯ થી ૧૩ વર્ષની વયના સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ કોઈ પણ શાળાના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત (ફોન નં. ૨૪૨૩૭૫૧ થી ૫૬–Ext : 245) ખાતેથી મેળવી તા.૧૪/૦૨/૨૦૧૯ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન ઉંમરના પુરાવા તથા મેડીકલ ફીટનેસ સર્ટીફિકેટ સાથે પરત કરવાના રહેશે. સુરત મહાનગરપાલિકા મોટી સંખ્યામાં સ્પર્ધકોને ભાગ લેવા અનુરોધ કરે છે. આ સ્પર્ધાના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ મળી શકશે.

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## <u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૨, નોંધ નં.૨૫૩૨/અ,૨૫૩૩/બ તથા ૨૫૩૨ વાળી મિલ્કતમાં મિલ્કતદારશ્રી મો.અસલમ અબ્દુલભાઈ ઈરાની ધ્વારા સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૦૧/૦૨/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત છઠ્ઠા માળે આશરે ૧૫૦૦ ચો.ફુટ રેઈનફોરસમેન્ટ, સેન્ટરીંગ, શટરીંગ દૂર કરી આશરે ૪૦૦ ચો.ફુટ આર.સી.સી. કોલમો દુર કરવામાં આવેલ છે. સદર મિલ્કતમાં ડિમોલીશન પેટે મિલ્કતદાર પાસે કુલ રૂા.૫૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

આવનાર દિવસોમાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામો સામે કાર્યવાહી કરવાની કામગીરી ઘનિષ્ટરૂપે ચાલુ રહેશે.

# પ્રેસનોટ

**ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–**

સાઉથ ઝોન(ઉધના)ના એડી. સીટી ઈજનેર(સી) તથા ઝોનલ ચીફશ્રી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૧(ઉધના–મજુરા) તથા ટી.પી.સ્કીમ નં.૨(ઉધના) વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.૧(ઉધના–મજુરા) માં આવેલ ફા.પ્લોટ નં.૫૪ માં આવેલ ધર્મયુગ સોસાયટીમાં આશરે ૪૦૦ ચો.ફુટ માં આવેલ દુકાનોના શટર નંગ–૦૪ દુર કરવામાં આવેલ છે.

(૨) ટી.પી.સ્કીમ નં.૨(ઉધના) માં આવેલ રીધ્ધી–સિધ્ધી સોસાયટી ના પ્લોટ નં.એ/૩ ની દક્ષિણ દિશામાં ૨૪૦૦ ચો.ફુટ સેન્ટરીંગ દુર કરવામાં આવેલ છે.તથા ૩૦ રનીંગ ફુટ ચણતરની દિવાલ દુર કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૨(સગરામપુરા), નોંધ નં.૪૨૧૬/અ અને ૪૨૧૬/બ વાળી મિલ્કતમાં મિલ્કતદારશ્રી ચંપકલાલ છગનલાલ જરીવાલા ધ્વારા સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૦૨/૦૨/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાંચમાં માળે આશરે ૨૧૦૦ ચો.ફુટ આર.સી.સી.કોલમ, સેન્ટરીંગ, શટરીંગ દૂર કરવામાં આવેલ છે. સદર મિલ્કતમાં ડિમોલીશન પેટે મિલ્કતદાર પાસે કુલ રૂા.૨૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

આવનાર દિવસોમાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામો સામે કાર્યવાહી કરવાની કામગીરી ઘનિષ્ટરૂપે ચાલુ રહેશે.

## —:: પ્રેસનોટ ::—

સુરત મહાનગરપાલિકાનાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગ ધ્વારા જાહેર સલામતીને ધ્યાને લેતા ફાયર અને ઈમરજન્સી વિભાગનાં વિભાગીય વડા મે. ડે.કમિશ્નરશ્રી (ડી.) ની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી.

તા. ૨૬/૧૨/૨૦૧૮ નાં રોજ વિજય સેલ્સમાં ફાયર ફાઈટીગ સીસ્ટમ ન હોવાનું જણાયેલ જેથી ફાયર સેફટી સીસ્ટમ ઉપલબ્ધ કરવા નોટીસ આપવામાં આવેલ હતી. તેમછતાં ફાયર સેફટી સીસ્ટમ ઉપલબ્ધ ન કરવામા આવતા જાહેર સલામતીને ધ્યાને લઈ તા. ૦૨/૦૨/૨૦૧૯નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગ ધ્વારા સુરત શહેરનાં કુસમ રોડ, પીપલોદ, સુરત ખાતે આવેલ વિજય સેલ્સ સીલ કરવામાં આવેલ.

ઉપરોકત કાર્યવાહી જાહેર સલામતીને ધ્યાને લેતા હાથ ધરવામાં આવેલ છે.

# પ્રે સ નો ટ

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૦૨/૦૨/૨૦૧૯નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા અઠવા ઝોન વિસ્તારમાં સંસ્થાઓની સ્થળ તપાસ કરી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ હેઠળનાં લાયસન્સ/રજીશ્ટ્રેશન વગર કાર્યરત કુલ–૧૨ સંસ્થાઓને બંધ કરાવવામાં આવેલ છે તેમજ કુલ–૫ સંસ્થાઓમાં આરોગ્યસલક્ષી ખામીઓ જણાતાં નોટીસ આપવામાં આવેલ છે,જે આપ સાહેબશ્રીને વિદિત થાય.

| અ.નં | સંસ્થાનુ નામ | સરનામુ | રીમાકર્સ |
|---|---|---|---|
| ૧. | શ્રી સાંઈનાથ આમલેટ સેન્ટર | ભીમરાડ ચોકડી, ભૂમિ પેટ્રોલ પંપની સામે, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨. | અશોક નોનવેજ સેન્ટર | ભીમરાડ ચોકડી, ભૂમિ પેટ્રોલ પંપની સામે, સુરત. | નોટીસ આપેલ છે. |
| ૩. | પ્રભુ નાસ્તા સેન્ટર | ભીમરાડ ચોકડી, ભૂમિ પેટ્રોલ પંપની સામે, સુરત. | નોટીસ આપેલ છે. |
| ૪. | આ.જે. ફુડ ચાઈનીઝ (લારી) | ભીમરાડ ચોકડી, ભૂમિ પેટ્રોલ પંપની સામે, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૫. | સુરતી ખત્રી નોનવેજ | ભીમરાડ ચોકડી, ભૂમિ પેટ્રોલ પંપની સામે, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૬. | શીવ સાગર આમલેટ | ભીમરાડ ચોકડી, ભૂમિ પેટ્રોલ પંપની સામે, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૭. | હન્ગ્રી બાઈટસ | ભીમરાડ ચોકડી, ભૂમિ પેટ્રોલ પંપની સામે, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૮. | મીડનાઈટ ફેન્સી આમલેટ | ભીમરાડ ચોકડી, ભૂમિ પેટ્રોલ પંપની સામે, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૯. | પંજાબી ચીકન બાઈટ | ભીમરાડ ચોકડી, ભૂમિ પેટ્રોલ પંપની સામે, સુરત. | નોટીસ આપેલ છે. |
| ૧૦. | રોયલ અમદાવાદી તવા ફ્રાય | ભીમરાડ ચોકડી, ભૂમિ પેટ્રોલ પંપની સામે, સુરત. | નોટીસ આપેલ છે. |
| ૧૧. | વિશાલ આમલેટ સેન્ટર | ભીમરાડ ચોકડી, ભૂમિ પેટ્રોલ પંપની સામે, સુરત. | નોટીસ આપેલ છે. |
| ૧૨. | ન્યુ બોમ્બે ચાઈનીઝ | ભીમરાડ ચોકડી, ભૂમિ પેટ્રોલ પંપની સામે, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૧૩. | મીડનાઈટ ચીકન સેન્ટર | ભીમરાડ ચોકડી, ભૂમિ પેટ્રોલ પંપની સામે, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૧૪. | આમલેટ સેન્ટર | ભીમરાડ ચોકડી, ભૂમિ પેટ્રોલ પંપની સામે, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૧૫. | જય અંબે રીફ્રેશમેન્ટ | ભીમરાડ ચોકડી, ભૂમિ પેટ્રોલ પંપની સામે, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૧૬. | ઉમીયા પાંવભાજી એન્ડ પુલાવ | ભીમરાડ ચોકડી, ભૂમિ પેટ્રોલ પંપની સામે, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૧૭. | ક્રિષ્ના ચાઈનીઝ ફુડ | ભીમરાડ ચોકડી, ભૂમિ પેટ્રોલ પંપની સામે, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |

## <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાનાં નિર્માણાધિન ડીંડોલી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા જળવિતરણ મથક ખાતે આવેલ પાઈપલાઈનોના જોડાણની અગત્યની કામગીરી તથા **બુધવાર, તા.૦૬/૦૨/૧૯** ના રોજ હાથ ધરવામાં આવનાર છે. જેથી **ઈસ્ટઝોન(વરાછા), સાઉથઝોન (ઉધના) તથા સાઉથ-ઈસ્ટઝોન (લિંબાયત) વિસ્તારમાં આવેલ સીમાડા, વાલક, ડીંડોલી, મગોબ, પરવત ,ગોડાદરા, વડોદ, જીઆવ, બુડીયા, સોનેરી, ગભેણી, ડુંડી, દીપલી, બમરોલી તથા ઉન વિસ્તારોમાં તા.૦૬/૦૨/૨૦૧૯ તથા તા.૦૭/૦૨/૨૦૧૯ ના રોજ પાણી પુરવઠો અવરોધાય(બંધ રહે)/ઓછા પ્રેશરથી/ ઓછા જથ્થાથી મળવાની શકયતા છે.** જેની જાહેર જનતાએ નોંધ લઈ જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો સંગ્રહ કરી તેનો બચત પૂર્વક ઉપયોગ કરવા વિનંતી. નાગરીકોને પડનાર અગવડ બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે તથા નાગરીકોને સહકાર આપવા વિનંતી છે.

# <u>પ્રેસ નોટ</u>

મ્યુનિ. કમિશ્નરશ્રીનાં આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન(ઉધના) આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ખટોદરા ,ઉધના ,પાંડેસરા, ઉન,બમરોલી,વડોદ વિગેરે વિસ્તારમાં સઘન ઝુંબેશ હાથ ધરી મિલ્કત વેરા તથા વ્યવસાય વેરો ભરપાઇ નહી કરનાર મિલકતોને સીલ કરવા, નળ કાપવાની કામગીરી તથા ખુલ્લાપ્લોટ ટાંચમાં લઈ બોર્ડ પ્રસિદ્ધ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ જેમા આજ રોજ કલ્યાણ કુટીર, શ્રીરામકુટીર, દત્તકુટીર ઉધના તથા બમરોલી ગોવાલક વિગેરે વિસ્તારમાં રહેણાંક મિલ્કતોના નળ કનેકશન કાપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ જે હેઠળ ૧૫ જેટલા નળ કનેકશન કાપવામાં આવેલ તથા ભેસ્તાન જીઆવબુડીયા વિસ્તારમાં ખુલ્લાપ્લોટ ટાંચમાં લઈ બોર્ડ પ્રસિદ્ધ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ તથા ૫૫ જેટલા ખુલ્લાપ્લોટ ટાંચમાં લઈ બોર્ડ પ્રસિદ્ધ કરવાની કાર્યવાહી હાથધરેલ ઉપરાંત વ્યવસાય વેરા વિભાગ દ્વારા પ્રમુખપાર્ક, તુલસીધામ વિગેરે ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારોમાં વ્યવસાય વેરાની વસુલાતની કાર્યવાહી હાથધરવામાં આવેલ હતી.

આ કાર્યવાહીમાં જાન્યુઆરી માસ દરમ્યિાન કુલ ૧૨૦૦ જેટલી મિલ્કતો સીલ કરવાની કાર્યવાહી હાથ ધરેલ જે કાર્યવાહી દરમ્યિાન ૧૧૪૬ જેટલા મિલ્કતદારો દ્વારા સ્થળ પર વેરા ભરપાઈ કરતાં કુલ રૂા.૭.૪કરોડ જેટલી રકમ વસુલાત થયેલ ચાલુ નાણાંકીય વષમાં જાન્યુઆરી માસ દરમ્યાન રૂપિયા ૯.૭૭ કરોડ અને તા. ૩૧/૦૧/૨૦૧૯ સુધીમાં કુલ. ૧૮૦.૯૫ કરોડ જેટલી વસુલાત થયેલ છે.

વધુમાં વ્યવસાય વિભાગ દ્વારા લાંબા સમયથી બાકીદારોની મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતાં રૂા. ૪.૮૫ લાખ ની વસુલાત સ્થળ ઉપર કરવામાં આવેલ છે. જયારે રૂા. ૨.૦૧ લાખ ના એડવાન્સ ચેક મળી કુલ રૂા. ૬.૮૬ લાખ ની વસુલાત કરવામાં આવેલ તથા જાન્યુઆરી–૨૦૧૯ દરમ્યાન રૂપિયા ૨.૧૭ કરોડ વસુલાત થયેલ અને ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન તા ૩૧/૦૧/૨૦૧૯ સુધીમાં રૂપિયા કુલ ૨૩.૫૨ કરોડ જેટલી વસુલાત થયેલ છે.

હવે પછી સાઉથઝોન (ઉધના) હેઠળના તમામ વિસ્તારના બાકી પડતા મિલ્કતવેરા તથા વ્યવસાય વેરાના કિસ્સામાં મિલ્કત સીલ કરવા પાણી કનેકશન કાપવાની કાર્યવાહી સહીતની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. જેથી બાકી દારોએ તેઓના બાકી મિલ્કત વેરા તથા વ્યવસાય વેરા તાકીદે ભરપાઈ કરવા જણાવવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>

## <u>વેરા વસુલાતમાં લિંબાયત ઝોને બોલાવેલો સપાટો</u>

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના ડે.કમિશ્નર(ડી.)સાહેબશ્રીની સુચના અને મે.આસી.કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ આકારણી અને વેરા વસુલાત વિભાગના સ્ટાફ દ્વારા તા.૦૪/૦૨/૨૦૧૯ ના રોજ ભાઠેના વિસ્તારમાં આવેલ મિલેનીયમ માર્કેટ–૨માં વેરા વસુલાતની ઝુંબેશ કરવામાં આવતા લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતા કરદાતાઓમાં ફફડાટ ફેલાયો હતો. જેમાં **૧૪** જેટલી મિલ્કતોને ટાંચમાં લઈ સીલ કરવામાં આવતા. ઘણાં કરદાતાઓએ સ્થળ પર જ **રૂા. ૨૮,૩૫,૬૨૫/–** થી વધુની રકમની વસુલાત કરી દીધેલ છે.

વધુમાં, તા.૩૧ માર્ચ ૨૦૧૯ સુધીમાં સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીયલ તેમજ કોમર્શીયલ વિસ્તારમાં પણ લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતા કરદાતાની મિલ્કતોને ટાંચમાં લઈ સીલીંગની કાર્યવાહી કરવામાં આવનાર છે. તથા રેસીડેન્સ એરીયામાં બાકીદારોની મિલકતોમાં નળ કનેકશન તેમજ ડ્રેનેજ કનેકશન કાપવાની ઝુંબેશ કરવામાં આવનાર છે.

આથી જે કરદાતાઓનો મિલ્કત વેરો બાકી છે. તેમણે ઝોન ઓફિસ તથા સીવીક સેન્ટરનો સંપર્ક કરી તાત્કાલિક વેરો ભરવા ખાસ જણાવવામાં આવે છે.

# જુનો પૂર્વઝોન(વરાછા)–એ ની અખબારી યાદી

તા.૦૪/૦૨/૨૦૧૯

**જુનો પૂર્વ(વરાછા)ઝોન–એ ના કરંજ વિસ્તારમાં રસ્તાના કબ્જા લેવા બાબત.**

આજરોજ સુરત મહાનગરપાલિકાના જુનો પૂર્વ(વરાછા)ઝોન–એ માં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૩(કરંજ), ફા.પ્લોટ નં.૧૪૨+૧૪૩ ની વચ્ચેથી પસાર થતો ૧૮.૦૦ મી. પહોળાઈના ટી.પી.રસ્તાનો આશરે ૨૮૮૦.૦૦ ચો.મી.ના માપ વિસ્તારમાં કબ્જો લેવામાં આવેલ છે. તેમજ સદર રસ્તા ઉપર ઘણાં લાંબા સમયથી પેન્ડીંગ ડ્રેનેજ પંપીંગ સ્ટેશનથી કરંજ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી રાઈઝીંગમેઈન પાઈપ લાઈન નાંખવાની કામગીરી શરૂ કરાવવામાં આવેલ છે. જેના કારણે કરંજ વિસ્તારમાં STP અપગ્રેડેશનની કામગીરી પૂર્ણ થશે. જેથી કરંજ વિસ્તારનો ડ્રેનેજ ઓવરફલોના પ્રશ્નનું મહદઅંશે નિવારણ થશે.

ઉક્ત કામગીરી મે.એડી.સીટી ઈજનેરશ્રી(સિવીલ)ની સૂચના મુજબ કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેરી વિકાસના સ્ટાફ, દબાણ ખાતાનો સ્ટાફ, સીકયુરીટી સ્ટાફ તથા વરાછા પોલીસ સ્ટેશનના, પોલીસ પ્રોટેકશન સહિત પાર પાડવામાં આવેલ.

# <u>પ્રેસનોટ</u>

## <u>નોર્થઝોન (કતારગામ)</u>

## <u>સુરત મહાનગરપાલિકા</u>

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૧૮–૧૯ દરમ્યાન હાલમાં રીકવરીની ઝુંબેશ ચાલુ હોય જે અંગે આજ તા.૦૫/૦૨/૨૦૧૯ ના રોજ મિલ્કતોમાં રીકવરી કરતા હરીઓમ મીલ કમ્પાઉન્ડ–ફટાકડાવાડી, વેડરોડ, સંતકૃપા સોસાયટી, શ્રી હરી હાઈટસ– છાપરાભાઠા, સહજાનંદ સ્કવેર– કોસાડ રોડ, જી.આઈ.ડી.સી.– ફુલપાડા વિગેરે વિસ્તારમાં ૨૭ (સતાવીસ) મિલ્કતોને સીલ કરવામાં આવેલ તેમજ ખુલ્લા પ્લોટો ટાંચમાં લેવા અંગે ૩૦ (ત્રીસ) બોર્ડ પ્રસિધ્ધ કરવામાં આવતાં સ્થળ ઉપર રૂા. ૫,૭૮,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલઝોનના વ્યવસાયવેરા વિભાગ દ્વારા તા.૨૮/૦૧/૨૦૧૯થી તા.૦૫/૦૨/૨૦૧૯ દરમ્યાન ઈન્ટર નેશનલ ટ્રેડ સેન્ટર મજુરાગેટ,રીંગરોડ કોમ્પલેક્ષમાં જુદીજુદી દુકાનો ના બાકી EC અને RC વ્યવસાયવેરાની બાકી વસુલાત અંગે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી. આ ઝુંબેશ દરમ્યાન ૬૩ જેટલી સંસ્થાઓને બાકી વ્યવસાયવેરાની નોટિસ બજાવવામાં આવેલ હતી. તેમજ દુકાનોમાં કામ કરતા નોકરીયાતોનો બાકી વ્યવસાયવેરો અને સ્થળ ઉપર માલુમ પડેલ વધારાના નોકરીયાતો વ્યવસાયવેરો ભરવા પણ નોટીસો બજાવવામાં આવેલ હતી. આ વ્યવસાયવેરા વસૂલાત ઝુંબેશ દરમ્યાન કુલ રૂ/૧,૯૪,૨૭૫ નો વ્યવસાયવેરો સ્થળ ઉપર વસૂલ કરવામાં આવેલ છે. ભવિષ્યમાં પણ સંસ્થાના બાકી EC વ્યવસાયવેરા અને સંસ્થામાં કામ કરતા નોકરીયાતોનો બાકી RC વ્યવસાયવેરાના વસૂલાતની ઝુંબેશ તા.૩૧/૦૩/૨૦૧૯ સુધી વધુ ઘનિષ્ઠપણે હાથ ધરવામાં આવનાર છે.

# પ્રેસ નોટ

.......................

**માહે જાન્યુઆરી ૨૦૧૯ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.**

સ્મીમેર હોસ્પીટલમાં માહે **જાન્યુઆરી ૨૦૧૯** દરમ્યાન **૫૦૬૯** ઈન્ડોર તથા **૫૬૨૦૭** આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. ૨૭૫૭ નાના તથા **૯૨૪** મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. **૧૨૦૭૮** એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા **૧૮૫૫** અને જુના **૧૭૦૪** દર્દીઓ સહીત કુલ **૩૫૫૯** દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ **૧૫૨૯** દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ **૧૭૩૨** તથા આંખ વિભાગમાં **૩૬૦૭** આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ **૧૮૨૫૬** દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

# સુરત મહાનગરપાલિકા
# સાઉથ–વેસ્ટ(અઠવા)
# અખબારી યાદી

**વિષય :** આકારણી વિભાગ ધ્વારા મિલકત વેરાની રીકવરી બાબત.

સુરત મહાનગરપાલિકામાં આવેલ અઠવા ઝોન વિસ્તારમાં વર્ષ ૨૦૧૮–૧૯ના મ્યુનિસિપલ મિલકતવેરાની ઘનિષ્ઠ વસુલાત માટે પગલા લેવામાં આવેલ છે. અઠવાઝોન સંલગ્ન વિસ્તાર જેવા કે અલથાણ, ભીમરાડ, વેસુ, મગદલ્લા, સરસાણા તથા ખજોદમાં આવેલ વિસ્તામાં છેલ્લા બે દિવસમાં કુલ ૭૯ પ્રોપર્ટી/મિલ્કતો સિલ કરેલ છે, અને સ્થળ પર રૂા.૩૧,૩૮,૦૯૫/– (અંકે રૂપિયા એકત્રીસ લાખ આડત્રીસ હજાર પંચાણું પુરા)જેટલી મિલકતવેરાની વસુલાત કરવામાં આવેલ છે.

# પ્રે સ નો ટ

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૦૬/૦૨/૨૦૧૯નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સુરત શહેર વિસ્તારમાં આવેલ દુધનું વેચાણ કરતી સંસ્થાઓની સ્થળ તપાસ કરી કુલ–૦૯ નુમના લઈ પૃથ્થકરણ સારું ભૂજ અને રાજકોટ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવેલ છે. જે આપશ્રીને વિદિત થાય.

| અ.નં | સંસ્થાનુ નામ | સરનામુ | લીધેલ નમુનાનું નામ |
|---|---|---|---|
| ૧. | જીયા મિલ્ક | પ્રતાપ નગર, લિંબાયત, સુરત | સમરથન ગોલ્ડ પાશ્ચુરાઈઝડ અને હોમોજીનાઈઝડ ટોન્ડ મિલ્ક |
| ૨. | ગાયત્રી મિલ્ક | શકિત નગર, હરીનગર, ઉધના, સુરત | શ્રી અમોલ ગોલ્ડ મિલ્કી મિલ્ક |
| ૩. | જય ગોગાધર | તુલસી આવાસ એપાર્ટ, ગોડાદરા, મગોબ, સુરત | રંજન ગોલ્ડ મિલ્ક પાશ્ચુરાઈઝડ અને હોમોજીનાઈઝડ ટોન્ડ મિલ્ક |
| ૪. | શુકલા ડેરી | તાપ્તીચાલ, સેલ્વે ગરનાળા પાસે, ઉધનાયાર્ડ, સુરત | શ્રી ગોકુલમ ગોલ્ડ મિલ્ક પાશ્ચુરાઈઝડ અને હોમોજીનાઈઝડ ટોન્ડ મિલ્ક |
| ૫. | સંગમનેર તાલુકા સહકારી દુધ ઉત્પાદન પ્રક્રિયા સંઘ મર્યાદિત | લાભુબા નગર સોસા. પાસે, આઈ માતા રોડ, મગોબ, સુરત | રાજહંસ પાશ્ચુરાઈઝડ અને હોમોજીનાઈઝડ ટોન્ડ મિલ્ક |
| ૬. | સના મિલ્ક સેન્ટર | અંબર કોલોની, હરીનગર–૨, ઉધના, સુરત | સતરાલ પાશ્ચુરાઈઝડ અને હોમોજીનાઈઝડ ટોન્ડ મિલ્ક |
| ૭. | દેવ ડેરી | મહાપ્રભુનગર, લિંબાયત, સુરત | ગૌરીનંદન પાશ્ચુરાઈઝડ અને હોમોજીનાઈઝડ ટોન્ડ મિલ્ક |
| ૮. | જી.એન મિલ્ક | આમ્બેડકર નગર, આંજણા, સુરત | અમૃત પાશ્ચુરાઈઝડ અને હોમોજીનાઈઝડ ટોન્ડ મિલ્ક |
| ૯. | શીરપુર તાલુકા દુધ ઉત્પાદક વી ક્રિષીપુર ઉધોગ સંઘ | રોડ નં–૦૫, ઉધના ઉધોગ નગર, ઉધના, સુરત | આનંદ ગોલડ ટોન્ડ મિલ્ક |

# –: પ્રેસ નોટ :–

સુરત મહાનગરપાલિકાનાં સાઉથ ઝોન (ઉધના) નાં કાર્યક્ષેત્રમાં બમરોલી વિસ્તારમાં આવેલ હરીઓમનગર સોસાયટી, ગોવાલક રોડ, બમરોલી, સુરતમાં પરવાના વગર માંસાહારી ખોરાક વેચાણ કરતી સંસ્થા આવેલ હોય. તા.૦૫/૦૨/૨૦૧૯ ના રોજ આરોગ્ય વિભાગ તેમજ શહેરી વિકાસ ખાતાના સ્ટાફ દ્વારા હરીઓમનગર સોસાયટી, ગોવાલક રોડ, બમરોલી, સુરત ખાતે સ્થળ તપાસ કરતા પરવાના વગર માંસાહારી ખોરાક વેચાણ કરતી કુલ ૦૮(આઠ) સંસ્થાને સુરત મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારી ધ્વારા સ્થળ પર પંચનામુ કરી પંચોને સાક્ષી રાખી પંચો સમક્ષ સહી લઈ સદર કુલ ૦૮ (આઠ) સંસ્થાને (૧) સપના ચીકન સેન્ટર (૨) રાજ ચીકન સેન્ટર (૩) જમજમ ચીકન સેન્ટર (૪) બેહરા મચ્છી સેન્ટર (૫) લકકી ચીકન સેન્ટર(જમણી બાજુ) (૬) તાજ ચીકન સેન્ટર (જમણી બાજુ) (૭) કશ્યપ ચીકન સેન્ટર (જમણી બાજુ) (૮) ન્યુ ચીકન સેન્ટર (ડાબી બાજુ) સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવેલ.

# <u>પ્રેસનોટ</u>

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u>** :–

સાઉથ ઝોન(ઉધના)ના એડી. સીટી ઈજનેર(સી) તથા ઝોનલ ચીફશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી(ઉ.)ની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારમાં **મોજે. ઉધના, ઉદ્યોગનગર સહકારી સંઘ લી., પ્લોટ નં.એ/૨૩/૭, એ/૨૩/૮, રોડ નં.૧૨ ઉધના, સુરતવાળી** મિલકતમાં મિલકતદાર ધ્વારા હયાત મિલકતમાં વધારાનું બાંધકામ કરતા મિલકતદારને અત્રેથી તાકીદની નોટીસ પાઠવવામાં આવેલ જેનો અમલ મિલકતદારો ધ્વારા કરવામાં ન આવતા આજરોજ તા.૦૭/૦૨/૨૦૧૯થી સદરહું મિલકતમાં કરવામાં આવેલ આશરે **૩૨૦૦ ચો.ફુટ** માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. બાંધકામ અત્રેથી તોડી દુર કરવામાં આવેલ છે. જેના **વહીવટી ચાર્જ પેટે રૂા.૩,૩૦,૦૦૦/–** મિલકતદાર પાસેથી વસુલ લેવામાં આવેલ છે.

# પ્રેસનોટ

ધી મીનીસ્ટ્રી ઓફ હાઉસીગં એન્ડ અર્બન અફેયર્સ (MoHUA) ધ્વારા રાખવામાં આવેલ CITIIS Challenge અંતર્ગત ૧૦૦ સ્માર્ટ સીટીઝમાંથી જુદા જુદા ચાર સેકટર (1) Public Open Space (2) Sustainable Mobility (3) Urban E-Governance and ICT અને (4) Social and Organizational Innovation in Lower income settlementsના સ્પેશીયલ પ્રોજેકટોની પપ્રોઝલ મંગાવવામાં આવેલ હતી. જેમાં સીલેકટ થનાર પ્રોજેકટોને AGENCE FRANCAISE DE DEVELOPMENT સંસ્થા ધ્વારા અંદાજે ૫૦ થી ૮૦ % ફંડ ગ્રાંટ માટે ફાળવવામાં આવનાર છે.

ભારતભરમાંથી ૧૦૦ સ્માર્ટ સીટીમાંથી ૬૭ પ્રોજેકટોની પપ્રોઝલ ધી મીનીસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન અફેર્સને મળેલ હતી. જેમાં સુરત સ્માર્ટ સીટી ધ્વારા ચારેય કેટેગરીમાં નોમીનેશન કરેલ હતા. MoHUAને મળેલ કુલ ૬૭ પ્રોજેકટોમાંથી ૨૬ પ્રોજેકટોને બીજા રાઉન્ડ માટે સિલેકટ કરવામાં આવેલ. સુરત ધ્વારા રજુ થયેલ ચાર પ્રોજેકટો પૈકી ત્રણ પ્રોજેકટો પ્રેઝન્ટેશન માટે શોર્ટલીસ્ટ થયેલ તથા તા.૨૧ જાન્યુઆરી ૨૦૧૯નાં રોજ દિલ્હી ખાતે પ્રેઝન્ટેશન કરવામાં આવેલ.

સરકારશ્રી ધ્વારા CITIIS Challenge Fund હેઠળ પ્રથમ તબકકામાં ૧૩ શહેરો / પ્રોજેકટોને સરકારશ્રી ધ્વારા ગ્રાહય રાખવામાં આવેલ છે, જે પૈકી ગુજરાતમાંથી સુરત શહેરના એક પ્રોજેકટને મંજુર કરવામાં આવેલ છે. "પબ્લીક ઓપન સ્પેસ" કેટેગરી હેઠળના આ પ્રોજેકટમાં સુરત શહેરના અલથાણ અને ભમરોલી વિસ્તારમાં Wild Valley Bio-Diversity Park બનાવવાનો આ પ્રોજેકટ છે. આશરે ૬૮ હેકટર જમીનમાં પથરાયેલા આ વિસ્તારમાં ધોવાણ વાળી / બંજર જમીનનું નવ–સાધ્યકરણ કરીને તેમાં જુદા જુદા ૮૫ જાતના આશરે ૬ લાખ મોટા તથા નાના વૃક્ષો, છોડ વિગેરે રોપવામાં આવશે. આ પ્રોજેકટમાં વોકિંગ ટ્રેઈલ, સાયકલ ટ્રેક, પ્લે એરીયા, વોટર બોડીઝ વિગેરે જેવી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે. હાલના પ્રાથમિક તબકકે આ પ્રોજેકટ પાછળ ૧૦૮ કરોડ જેટલી રકમ ખર્ચ થવાનો અંદાજ છે, જે પૈકી ૮૦ કરોડ જેટલી રકમ CITIIS Challenge Fund માંથી મળશે જયારે બાકીની રકમ રાજય સરકાર તરફથી ફાળવવામાં આવશે.

પ્રોજેકટનું અમલીકરણ થતાં શહેરના મધ્યમાં ખૂબ જ મોટા જથ્થામાં ઓપન ગ્રીન સ્પેસ "City Lung" તરીકે ઉપલબ્ધ થશે જે વાતાવરણમાંથી કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ ઘટાડવા તેમજ ઓકસીજનનું પ્રમાણ વધારો કરવામાં મદદગાર થશે. ખાડી કિનારાનો આ વિસ્તાર પાણીના ભરાવા, જંગલી બાવળના જંગલ તથા કચરા અને ગંદકીના ન્યુસન્સ સ્પોટ તરીકે પડતર પડી રહેલો હતો તેના નવ–સાધ્યકરણ કરીને શહેરાના નાગરીકોને આનંદ પ્રમોદ અને પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ માટે એક નજરાણું સુરત મહાનગરપાલિકા ધ્વારા સુપરત કરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ

# સુરત મહાનગરપાલિકા

## યુ.સી.ડી. વિભાગ

## અખબારી યાદી

**રાંદેર ઝોન ઓફિસ, બાળાસાહેબ દેવરસ રોડ, તાડવાડી, રાંદેર, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ.**

રાજ્ય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર ***તા.૦૯/૦૨/૨૦૧૯ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક*** **રાંદેર ઝોન ઓફિસ, બાળાસાહેબ દેવરસ રોડ, તાડવાડી, રાંદેર, સુરત** ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ હતુ.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સેવાસેતુ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. આ કાર્યક્રમમાં અધ્યક્ષીય ઉદબોધન કરતા મેયરશ્રી ડો. જગદીશભાઈ પટેલે જણાવ્યુ હતુ કે રાજય સરકાર લોકોની જરૂરીયાતને પારખી વિવિધ યોજના કાર્યાન્વિત કરી છે. ખાસ કરીને આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે મહત્વની યોજનાઓ/સેવાઓ પુરી પાડી છે. સેવાસેતુ જેવા કાર્યક્રમ થકી ગરીબ વ્યકિતને તેના દ્વારે મફતમાં અને એક જ દિવસમાં સેવા પુરી પાડી વ્યકિતની જરૂરીયાતને સંતોષવા સાથે તેના સમય અને નાણાનો પણ બચાવ કર્યો છે. સેવાસેતુમા પુરી પાડવામાં આવતી સેવાઓ મૂશ્કેલીના સમયમાં આશિર્વાદરૂપ બની રહે છે તેમ જણાવતા મા વાત્સલ્ય/અમૃતમ તથા આયુષ્માન ભારત યોજનાના ઉદાહરણો થકી આ યોજનાઓ ગરીબો માટે પાસપોર્ટ સમાન ગણાવી હતી. વધુમા મેયરશ્રીએ રજાના દિવસે વહેલી સવારથી ફરજ બજાવતા કર્મચારીઓની સેવાને બીરદાવી હતી. સેવાસેતુ કાર્યક્રમમાં પ્રાસંગીક પ્રવચન કરતા ધારાસભ્યશ્રી પુર્ણેશભાઈ મોદીએ શહેરના સમતોલ વિકાસ માટે સરકારશ્રી અને સુરત મહાનગરપાલિકાની કામગીરીને સેવાના ભગીરથ યજ્ઞ તરીકે વર્ણવ્યો હતો. તેમણે જણાવ્ય હતુ કે પ્રશાસન માત્ર રોડ, રસ્તા કે પાણી જ નહી પરંતુ સામાન્ય વ્યકિતના નાનામાં નાના પ્રશ્નથી ચિંતીત થઈ તેને દુર કરવા સેવાસેતુ જેવા અનેક કાર્યક્રમો થકી લોકકલ્યાણ માટે કટીબધ્ધ છે. ડે. મેયરશ્રી નિરવભાઈ શાહે સેવાસેતુ કાર્યક્રમમાં આવકાર પ્રવચન કરેલ તથા જાહેર પરીવહન પ્રવૃતિ સમિતિના અધ્યક્ષા શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ આભારવીધી કરેલ.

આ સેવાસેતુ કાર્યક્રમમાં સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી દિગ્વીજયસિંહ બારડ તથા આ વિસ્તારના મ્યુ.સદસ્યશ્રીઓએ સેવાસેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ, આરટીઓ, વગેરે દ્વારા દિવસ દરમ્યાન કુલ **૨૩૧૩** લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., મા વાત્સલ્ય કાર્ડ, મા અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા<br>
સમાચાર યાદી નં. *744*<br>
તા. ૦૯/૦૨/૨૦૧૯






સુરત મહાનગરપાલિકા


સુરત મહાનગરપાલિકા
"સેવા સેતુ કાર્યક્રમ"




મહાનગરપાલિકા




સુરત મહાનગરપાલિકા

૭૪૫

# પ્રેસનોટ

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોનવિસ્તારમાં જે તે ઝોનનાં નાયબ આરોગ્યઅધિકારીશ્રીઓની સીધી દેખરેખ હેઠળ ઝોનનાં આરોગ્ય સ્ટાફ ધ્વારા આજ રોજ તા. **તા.૧૧–૦૨–૨૦૧૯** નાં રોજ **પ્રતિબંધિત પ્લાસ્ટીક ઝુબેશ** હાથ ધરવામાં આવેલ હતી. ઝોનવાઈઝ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | ઝોનનું નામ | ચેક કરેલસંસ્થાની સંખ્યા | જપ્ત કરેલપ્લાસ્ટીક જથ્થો (કિ.ગ્રા) | વસુલ કરેલવહીવટીખર્ચ | કસુરવાર ઈસમનીસંખ્યા | આપેલ નોટીસ | જપ્ત કરેલ પાઉચની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સેન્ટ્રલ | ૯૯ | ૩૮.૬૦૦ | ૧૪૫૦૦ | ૪૯ | ૬ | ૦ |
| ૨ | વરાછા | ૯૩ | ૨૫.૦૦૦ | ૧૭૮૦૦ | ૪૫ | ૦ | ૦ |
| ૩ | રાંદેર | ૧૩૮ | ૬૦.૫૦૦ | ૧૬૫૦૦ | ૧૦૪ | ૦ | ૦ |
| ૪ | કતારગામ | ૨૦૨ | ૧૫.૫૦૦ | ૧૪૨૦૦ | ૧૦૦ | ૨ | ૦ |
| ૫ | ઉધના | ૧૭૮ | ૬૭.૨૦૦ | ૧૨૭૦૦ | ૭૧ | ૪ | ૦ |
| ૬ | અઠવા | ૧૨૧ | ૨૭.૮૦૦ | ૧૬૦૦૦ | ૪૪ | ૮ | ૦ |
| ૭ | લિંબાયત | ૧૨૨ | ૧૪.૩૦૦ | ૯૫૦૦ | ૬૨ | ૧૩ | ૦ |
| કુલ | | **૮૫૪** | **૨૪૮.૯૦૦** | **૧૦૧૨૦૦** | **૪૭૫** | **૩૩** | **૦** |

૭૪૬

# પ્રેસનોટ

**(૧). ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–**

સાઉથ ઝોન(ઉધના)ના એડી. સીટી ઈજનેર(સી) તથા ઝોનલ ચીફશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી(ઉ.)ની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ વિસ્તારમાં **મોજે.ઉધના, રે.સ.નં. ૧૫૧ પૈકી, મોજે.ભેદવાડ, રે.સ.નં. ૧, મોજે. ડીંડોલી, રે.સ.નં. ૩૪૬ થી ૩૪૯ સબ પ્લોટ નં. બી પૈકી પ્લોટ નં. સી–૭૩,૭૪ લક્ષ્મીનારાયણ ઈન્ડ. એસ્ટેટ, બી.આર.સી. કંમ્પાઉન્ડ, ઉધના, સુરતવાળી** મિલકતમાં મિલકતદાર ધ્વારા ટી.ડી.ઓ./ડી.પી./૪૧૦, તા.૨૨/૧૨/૨૦૧૨ થી મેળવેલ વિકાસ પરવાનગી વિરૂધ્ધ ભોંયતળીયાના ભાગે હેતુફેર કરી દુકાનોનું બાંધકામ કરેલ હોવાનું જણાઈ આવતા આજરોજ તા.૧૧/૦૨/૨૦૧૯ થી **કુલ– ૦૯ દુકાનોના શટર** અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. જેના **વહીવટી ચાર્જ પેટે રૂા.૭૫,૦૦૦/–** મિલકતદારો પાસેથી વસુલ લેવામાં આવેલ છે.

૭૪૭

## **પ્રે સ નો ટ**

**સવિનય, ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૧૨/૦૨/૨૦૧૯નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો**

ધ્વારા અઠવા ઝોન વિસ્તારમાં સંસ્થાઓની સ્થળ તપાસ કરી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ હેઠળનાં લાયસન્સ/રજીસ્ટ્રેશન વગર કાર્યરત કુલ–૦૪ સંસ્થાઓને બંધ કરાવવામાં આવેલ છે તેમજ કુલ–૧૦ સંસ્થાઓમાં આરોગ્યસલક્ષી ખામીઓ જણાતાં નોટીસ આપવામાં આવેલ છે તેમજ આશરે રૂા.૭,૦૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

| અ.નં | સંસ્થાનુ નામ | સરનામુ | રીમાકર્સ |
|---|---|---|---|
| ૧. | અમદાવાદી તવા ફ્રાય | ભીમરાડ ચોકડી, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨. | પંજાબી ચીકન બાઈટ | ભીમરાડ ચોકડી, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૩. | તાપી નોનવેજ | ભીમરાડ ચોકડી, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૪. | રોયલ અમદાવાદી તવાફ્રાય | ભીમરાડ ચોકડી, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૫. | મીડ નાઈટ પેન્સી આમલેટ સેન્ટર | ભીમરાડ ચોકડી, સુરત. | સંસ્થા ચેક કરવામાં આવેલ છે. |
| ૬. | શીવ સાગર આમલેટ | ભીમરાડ ચોકડી, સુરત. | સંસ્થા ચેક કરવામાં આવેલ છે. |
| ૭. | આર. જે. તંદુર | ભીમરાડ ચોકડી, સુરત. | સંસ્થા ચેક કરવામાં આવેલ છે. |
| ૮. | ન્યુ બોમ્બે ચાઈનીસ | ભીમરાડ ચોકડી, સુરત. | સંસ્થા ચેક કરવામાં આવેલ છે. |
| ૯. | વિશાલ આમલેટ સેન્ટર | ભીમરાડ ચોકડી, સુરત. | સંસ્થા ચેક કરવામાં આવેલ છે. |
| ૧૦. | ડીઓમલેટ સેન્ટર | ભીમરાડ ચોકડી, સુરત. | સંસ્થા ચેક કરવામાં આવેલ છે. |
| ૧૧. | મીડ નાઈટ ચીકન સેન્ટર | ભીમરાડ ચોકડી, સુરત. | સંસ્થા ચેક કરવામાં આવેલ છે. |
| ૧૨. | પીક્ષ બોક્ષ | વી.આર. મોલની સામે, પીપલોદ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૧૩. | ગ્રીની ફાસ્ટ ફુડ | વી.આર. મોલની સામે, પીપલોદ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૧૪. | તાપી આમલેટ સેન્ટર | વી.આર. મોલની સામે, પીપલોદ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૧૫. | મુસ્તાક અમદાવાદી તવાફ્રાય | વી.આર. મોલની સામે, પીપલોદ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૧૬. | રજવાડી આઈસક્રીમ એન્ડ ગોલા | વી.આર. મોલની સામે, પીપલોદ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૧૭. | ઓનલી ઢોસા સેન્ટર | વી.આર. મોલની સામે, પીપલોદ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૧૮. | રોયલ પંજાબી જંકશન | વી.આર. મોલની સામે, પીપલોદ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૧૯. | પાર્ક ઈટાલીયન (ધ બેસ્ટ્રો) | વી.આર. મોલની સામે, પીપલોદ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૨૦. | ચી. સ્કવેર દેશી વિદેશી | વી.આર. મોલની સામે, પીપલોદ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૨૧. | પીંક લાટોરી ઢાબા | વી.આર. મોલની સામે, પીપલોદ, સુરત | નોટીસ આપેલ છે. |

# <u>પ્રેસનોટ ::–</u>

સુરત મહાનગરપાલિકાનાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગ ધ્વારા જાહેર સલામતીને ધ્યાને લેતા ફાયર અને ઈમરજન્સી વિભાગનાં વિભાગીય વડા મે. ડે.કમિશ્નરશ્રી (ડી.) ની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી.

મેગ્નશ શોપીગ, અલથાણ –ભીમરાડ કેનાલ રોડ, અલથાણ, સુરતમાં ફાયર ફાઈટીગ સીસ્ટમ ન હોવાનું જણાતા અત્રેનાં પત્ર ક્રમાંક એફઈએસ/એન/ આઉટ/નં.૨૦૫૦/૦૬ તા.૧૭/૧૨/૨૦૧૮ અને યાદપત્ર ક્રમાંક એફઈએસ/એન/ આઉટ/નં. ૨૬/૪ તા. ૦૪/૦૨/૨૦૧૯ થી ફાયર સેફટી સીસ્ટમ ઉપલબ્ધ કરવા નોટીસ આપવામાં આવેલ હતી.

તેમછતાં ફાયર સેફટી સીસ્ટમ ઉપલબ્ધ ન કરવામા આવતા જાહેર સલામતીને ધ્યાને લઈ તા. ૧૩/૦૨/૨૦૧૯નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગ ધ્વારા સુરત શહેરનાં મેગ્નશ શોપીગ, અલથાણ –ભીમરાડ કેનાલ રોડ, અલથાણ, સુરત ખાતે આવેલ કુલ – ૧૫૩ દુકાનો સીલ કરવામાં આવેલ.

ઉપરોક્ત કાર્યવાહી જાહેર સલામતીને ધ્યાને લેતા હાથ ધરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.......148..........
તા.૧૩/૦૨/૨૦૧૯

# <u>પ્રેસનોટ</u>

**<u>એચ–૧૫ ભેસ્તાન આવાસમાં દબાણ દુર કર્યાની વિગત :–</u>**

આજ રોજ સાઉથ ઝોન (ઉધના) માં સમાવિષ્ટ ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૫૪(ભેસ્તાન) ફાયનલ પ્લોટ નં. ૧/એ સ્થિત એચ –૧૫ ભેસ્તાન આવાસને લાગુ ટી.પી. રોડ ,આંતરિક રસ્તાઓ તથા માર્જીનની જગ્યામાં થયેલ દબાણો દુર કરવાની કામગીરી એડી.સીટી ઈજનેરશ્રી તથા ઝોનલ ચીફ તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના તેમજ માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવેલ.જેની વિગત નીચે મુજબ છે.

સાઉથ ઝોન (ઉધના) માં સમાવિષ્ટ ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૫૪(ભેસ્તાન) ફાયનલ પ્લોટ નં. ૧/એ સ્થિત એચ –૧૫ ભેસ્તાન આવાસને લાગુ ટી.પી.રસ્તાની ફુટપાથ પર તેમજ આવાસની ફરતે માર્જીનની જગ્યાઓમાં તથા આંતરિક રસ્તાઓ પર સ્થાનિકો ધ્વારા પતરાની દુકાનો,પ્લાય તથા બાંબુની કેબીનો તેમજ લોખંડની એંગલો ની કેબીનો બનાવી દબાણો કરવામાં આવેલ.સદર બાબતે અત્રેથી પોલિસ બંદોબસ્ત મેળવી ભેસ્તાન આવાસના આંતરિક રસ્તાઓ / માર્જીનમાં તેમજ લાગુ ટી.પી.રસ્તા પરથી આશરે ૨૦ થી ૨૫ નંગ જેટલી લોખંડની / પતરાની/ બાંબુની કેબીનોનું દબાણ દુર કરી આશરે ૭૦૦૦ ચો.મી. જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા

## યુ.સી.ડી. વિભાગ

## <u>અખબારી યાદી</u>

**સુડા ભવન, ગ્રાઉન્ડ ફ્લોરના પાર્કિંગમાં, વેસુ, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ.**

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર ***તા. ૧૩/૦૨/૨૦૧૯ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન સુડા ભવન, ગ્રાઉન્ડ ફ્લોરના પાર્કિંગમાં, વેસુ, સુરત*** ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ હતુ.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સેવાસેતુ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. આ કાર્યક્રમમાં અધ્યક્ષીય ઉદબોધન કરતા મેયરશ્રી ડૉ. જગદીશભાઈ પટેલે જણાવ્યુ હતુ કે સુરત મહાનગરપાલિકા દ્વારા ચાર તબકકામાં ૬૦ જેટલા સેવાસેતુનુ આયોજન કરી અનેક જરૂરીયાતમંદ લાભાર્થીઓને સરકારશ્રી તથા સુરત મહાનગરપાલિકાની યોજનાઓથી લાભાન્વિત કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા લોકોની જરૂરીયાતને ધ્યાનમાં લઈ ઝોનવાઈઝ તથા વોર્ડવાઈઝ તબકકાવાર સેવાસેતુ કાર્યક્રમોનુ આયોજન કરી લાભાર્થીઓની જરૂરીયાતના વિવિધ ડોકયુમેન્ટ્સ/સેવાઓ પુરી પાડી છે તેમજ દરેક તબકકે જરૂરીયાત મુજબ વધુ વિભાગોની સેવાઓને સેવાસેતુ કાર્યક્રમમાં સાંકળી લઈ કાર્યક્રમને વધુ પ્રજાલક્ષી બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

ચોર્યાસી વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલે પ્રાસંગીક ઉદબોધન કરતા રાજય સરકાર દ્વારા યોજનાઓનો લાભ સાચા લાભાર્થી સુધી ઝડપથી તેમજ કોઈપણ જાતની અડચણ વગર પહોંચે તે માટે સેવાસેતુ કાર્યક્રમરૂપી સેતુનુ નિર્માણ કર્યુ છે. ગરીબ અને જરૂરીયાતમંદ લોકોને તેના દ્વારે એકજ છત નીચે, એકજ દિવસમાં સેવા પુરી પાડી વ્યકિતની જરૂરીયાતને સંતોષવા સાથે તેના સમય અને નાણાનો બચાવ સેવાસેતુ કાર્યક્રમ થકી થાય છે. સેવાસેતુ કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા નેતાશ્રી શાસકપક્ષ શ્રી ગીરજાશંકર મિશ્રાએ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને અન્ય જરૂરીયાતમંદ લોકોને સેવાસેતુ કાર્યક્રમનો લાભ અપાવવા અપીલ કરી હતી.

આ સેવાસેતુ કાર્યક્રમમાં સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી અનીલભાઈ ગોપલાણી, ગૃહનિર્માણ વિભાગના અધ્યક્ષા શ્રીમતિ સુચિત્રાબેન પટેલ તથા આ વિસ્તારના મ્યુ.સદસ્યશ્રીઓએ સેવાસેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ, આરટીઓ, વગેરે દ્વારા દિવસ દરમ્યાન કુલ **૧૩૨૧** લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., મા વાત્સલ્ય કાર્ડ, મા અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ વધી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા<br>
સમાચાર યાદી નં. ૭૫૦<br>
તા. ૧૩/૦૨/૨૦૧૯

# પ્રેસનોટ

સુરત સ્માર્ટસીટી અંતર્ગત સ્થપાયેલ સુરત આઈડિયાઝ એન્ડ ઈન્નોવેશન લેબ (સુરતી આઈ લેબ) ધ્વારા તા.૧૧ થી૧૬ ફેબ્રુઆરી દરમ્યાન સ્ટાર્ટઅપ વીકનું આયોજન નવનિર્મિત સેન્ટર, રાયકા સર્કલ, ઉધના ખાતે કરવામાં આવ્યું છે.

આ પ્રોગ્રામ અંતર્ગત દરરોજ સુરતી આઈ લેબના વિવિધ પાર્ટનર્સ ધ્વારા સ્ટાર્ટઅપને સંલગ્ન પ્રવૃતિઓની માહિતી આપવામાં આવે છે. પહેલા ત્રણ દિવસ દરમ્યાન ઓરો યુનિવર્સિટી, અવિનાશસ ટેકનોલોજીસ, GEPIL, સેતુ ફાઉન્ડેશન , સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ અને SVNIT ધ્વારા યોજાયેલા સેશનમાં સ્ટાર્ટઅપ સાથે સંવાદ યોજાયો હતો. આવનારા ત્રણ દિવસમાં એસઆરકે નોલેજ ફાઉન્ડેશન, સુરત એન્જલ્સ, સિન્કોરો વેન્ચર્સ, યસ બેંક–યસ સ્કેલ તેમજ ઈ–ચાઈ ધ્વારા સેશન યોજાશે.

તદ્ઉપરાંત દરરોજ એક સફળ યુવા ઉદ્યોગ સાહસિક ધ્વારા પોતાની ઉદ્યોગ યાત્રાની સ્ટોરી શેર કરવામાં આવે છે જે અંતર્ગત અશ્વિન સવાણી (અવિનાશી), હાર્દિક દેસાઈ (મેલ્ઝો.કોમ), પ્રેયસ પંચાલ(રીવર) સ્ટાર્ટઅપ સાથે વાર્તાલાપ કરી ચુકયા છે. આવનારા ત્રણ દિવસોમાં મિલન ભિખાડિયા (સારીયો), નીરવ શાહ (ઓઝઓર્ગેનિક) તથા જતીન ચૌધરી (ઈ–ચાઈ) ના કાર્યક્રમ છે.

આ પ્રોગ્રામે યુવા વર્ગ અને વિદ્યાર્થી વર્ગમાં સારો રસ જગાડયો છે. આ પ્રોગ્રામમાં પ્રવેશ નિઃશુલ્ક છે. રસ ધરાવતો સહુને આ પ્રોગ્રામનું રજીસ્ટ્રેશન WWW.SURATiiLAB.ORG પર કરાવી ભાગ લેવા માટે સાદર આમંત્રણ છે.

# :: પ્રેસનોટ ::

## "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ–દોડ સ્પર્ધા"

વિષય : "પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ, કુરૂક્ષેત્ર જહાંગીરપુરા, સુરત" પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ–દોડ સ્પર્ધા"

"પૂજય શ્રીમોટા, હરિઃૐ આશ્રમ, કુરૂક્ષેત્ર જહાંગીરપુરા, સુરત પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર દોડ સ્પર્ધા" તા.૧૭/૦૨/૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૭.૦૦ કલાકે તથા "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ સ્પર્ધા" સવારે ૮.૦૦ કલાકે વી.આર.મોલની સામે, વાય જંકશન પાસેથી શરૂ કરી રઘુવીર બિઝનેસ પાર્ક થઈ ડી.એમ.ડી પાર્ટી પ્લોટ, સુરત–ડુમ્મસ રોડ, સુરત ખાતે આયોજન કરવામાં આવેલ છે. દોડ સ્પર્ધાના તમામ સ્પર્ધકોએ સવારે ૬.૩૦ કલાકે તથા સાયકલ સ્પર્ધાના સ્પર્ધકોએ સવારે ૭.૩૦ કલાકે હાજરી પુરાવી બેચ મેળવી લેવાનો રહેશે.

તા.૧૭/૦૨/૨૦૧૯ના રોજ સવારે યોજાનાર દોડ સ્પર્ધામાં ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીઓની દોડ સ્પર્ધાનું અંતર ૨ કિ.મી., ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીઓની દોડનું અંતર ૪ કિ.મી. જયારે ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીનીઓની દોડ સ્પર્ધાનું અંતર ૧ કિ.મી. અને ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીનીઓની દોડનું અંતર ૩ કિ.મી.નું રહેશે. જયારે સાયકલ સ્પર્ધામાં ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૬ કિ.મી., ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૧૦ કિ.મી. જયારે ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીનીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૪ કિ.મી. અને ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીનીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૮ કિ.મી.નું રહેશે. સાયકલ–દોડ સ્પર્ધા પૂર્ણ થયા બાદ વિજેતાઓને રોકડ પુરસ્કાર, ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવશે.

તા.૧૭/૦૨/૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૬.૩૦ થી ૮.૩૦ કલાક દરમ્યાન સુરત–ડુમસ રોડ સેન્ટ્રલ મોલથી વાય જંકશન થઈ જોલી પ્લાઝા સુધી જતા વાહનોએ સર્વિસ રોડનો જ ઉપયોગ કરવાનો રહેશે. અને ઉધના–મગદલ્લા રોડ પર જોલી પ્લાઝાથી વાય જંકશન થઈ ડુમસ તરફ જતા વાહનોએ પણ સર્વિસ રોડનો જ ઉપયોગ કરવાનો રહેશે તેમજ સપર્ધકો અને વાલીઓએ તેમના વાહનો પીપલોદથી વાય જંકશનના સર્વિસ રોડ ઉપર તથા વાય જંકશનથી ડુમસ જતા સર્વિસ રોડ પર પાર્ક કરવાના રહેશે.

સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ તથા પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રીઓની ઉપસ્થિતિમાં યોજાનાર સાયકલ–દોડ સ્પર્ધાઓના પ્રસ્થાન અને ઈનામ વિતરણ સમારોહમાં ઉપસ્થિત રહી સ્પર્ધક બાળકોને પ્રોત્સાહિત કરવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

૭૫૩

# —:: **પ્રેસનોટ** ::—

તા.૧૫–૦૨–૨૦૧૯નાં રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ ' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| **ઝોન** | **શૈક્ષણિક સંસ્થાની સંખ્યા કુલ** | **શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં આવેલ કાચા – પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા** | **શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા કાચા – પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા** | **શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા** | **વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં** |
|---|---|---|---|---|---|
| સેન્ટ્રલ | ૨૬ | ૧૭ | ૧૭ | ૧૭ | ૩૪૦૦ |
| વરાછા (એ) | ૧૦૫ | ૭૯ | ૪૩ | ૪૩ | ૮૬૦૦ |
| વરાછા (બી) | ૨૪ | ૨૩ | ૨૩ | ૨૩ | ૪૬૦૦ |
| રાંદેર | ૬૨ | ૪૯ | ૩૧ | ૨૧ | ૪૨૦૦ |
| કતારગામ | ૬૯ | ૪૩ | ૩૨ | ૨૯ | ૫૮૦૦ |
| ઉધના | ૩૯ | ૩૮ | ૧૩ | ૧૩ | ૨૬૦૦ |
| લિંબાયત | ૩૬ | ૪૯ | ૧૮ | ૧૮ | ૩૬૦૦ |
| અઠવા | ૯૨ | ૪૧ | ૧૫ | ૧૫ | ૩૦૦૦ |
| કુલ | ૪૫૩ | ૩૩૯ | ૧૯૨ | ૧૭૯ | ૩૫૮૦૦ |

# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનમાં આવેલ વોર્ડ નં.૧૧(નાણાવટ)માં નાણાવટ મેઈન રોડ ઉપર આવેલ નોંધ નં.૧૨૭૨,૧૨૭૩ માં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકા હસ્તક રહેણાંક હેતુસર મંજુર કરાયેલ બેઝમેન્ટ + ભોંયતળીયા +પાંચ માળના પ્લાનો વિરુધ્ધ ભોંયતળિયે પાર્કિગના વિસ્તારમાં ગેરકાયદેસર રીતે દુકાનોનું બાંધકામ કરવામાં આવેલ. સદર ગેરકાયદેસર દુકાનોનું શટર,ચણતર,પ્લાસ્ટર વિગેરેનું બાંધકામ આજરોજ દુર કરી કુલ ૯૫૦ ચો.ફુટ વિસ્તાર પાર્કિગ માટે ખુલ્લો કરવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે સદર મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા હસ્તક મંજુર કરાયેલ પ્લાનો વિરુધ્ધ દુકાનોનું કોમર્શીયલ હેતુસરનું ગેરકાયદેસર બાંધકામનું તા.૨૬/૦૯/૧૮ તથા તા.૦૧/૧૨/૧૮ નાં રોજ ડિમોલીશન કરવામાં આવેલ. પરંતુ ત્યારબાદ મિલ્કતદારો ધ્વારા ફરી દુકાનોનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતાં, આજરોજ ફરી ડિમોલીશન કરવામાં આવેલ. સદર મિલ્કતમાં ડિમોલીશન પેટે મિલ્કતદાર પાસે કુલ રૂ.૫૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

**૭૫૫**

**પ્રેસ નોટ**

## <u>ચંદ્ર દર્શન</u>

તા.૧૯ ફેબ્રુઆરીના રોજ રાત્રી અવકાશમાં ચંદ્ર પૃથ્વીથી વધુ નજીક આવવાના કારણે વધુ મોટો તથા વધુ તેજસ્વી દેખાવાનો હોય, સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત,સીટીલાઈટ રોડ, સુરત ખાતે ટેલિસ્કોપ દ્વારા શહેરીજનોને તા.૧૯ ફેબ્રુઆરીના રોજ સાંજે ૭:૪૫ થી રાત્રે ૯:૦૦ કલાક દરમ્યાન બતાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે, જેનો જાહેર જનતાએ લાભ લેવા વિનંતી.

## :: પ્રેસનોટ ::

### "શ્રી જશવંત પચ્ચીગર દોડ–સાયકલ સ્પર્ધા"

વિષય : તા.૧૭/૦૨/૨૦૧૯ને રવિવારના રોજ વી.આર.મોલની સામે વાય જંકશન પાસે યોજાયેલ "પૂ.શ્રીમોટા, હરિ:ૐ આશ્રમ પ્રેરિત" અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર દોડ – સાયકલ સ્પર્ધા"

બાળકો અને કિશોર–કિશોરીઓમાં સાહસવૃત્તિ વિકસે, બહાદુરી પ્રગટે અને સ્પોર્ટ્સ અભિમુખતા પાંગરે, તેમાં વધારે રસ–રૂચિ કેળવતા થાય તેવા હેતુથી 'પૂ.શ્રીમોટા, હરિ:ૐ આશ્રમ પ્રેરિત' અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર દોડ સ્પર્ધા" તા.૧૭/૦૨/૨૦૧૯ના રોજ સવારે યોજાનાર દોડ સ્પર્ધામાં ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીઓની દોડ સ્પર્ધાનું અંતર ૨ કિ.મી., ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીઓની દોડનું અંતર ૪ કિ.મી. જયારે ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીનીઓની દોડ સ્પર્ધાનું અંતર ૧ કિ.મી. અને ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીનીઓની દોડનું અંતર ૩ કિ.મી. રાખવામાં આવ્યું હતું. જયારે સાયકલ સ્પર્ધામાં ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૬ કિ.મી., ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૧૦ કિ.મી. જયારે ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીનીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૪ કિ.મી. અને ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીનીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૮ કિ.મી.નું રાખવામાં આવ્યું હતું.

તા.૧૪–૨–૨૦૧૯ના રોજ કાશ્મીરના પુલવામામાં સીઆરપીએફના જવાનો પર થયેલા આતંકી હુમલામાં દેશના ૪૪ જવાનોના અકાળે દુ:ખદ અવસાન થવાથી તેમના પરિવારજનો પર અણધારી આફત આવી પડી. આ અચાનક થયેલા હુમલામાં અવસાન પામેલા સદ્‌ગતોના આત્માને પ્રભુ ચિર : શાંતિ અર્પે તેમજ તેમના કુટુંબીજનો પર આવી પડેલી આ અણધારી આફત સહન કરવાની પ્રભુ શકિત અર્પે એવી પ્રાર્થના સહ, સદ્‌ગતો ને બે મિનિટ મૌન પાળી ભાવભીની હાર્દિક શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી.

તા.૧૭મી ફેબ્રુઆરી,૨૦૧૯ને રવિવારના રોજ સવારે માન.મેયરશ્રી ડો.જગદીશ પટેલ,સાંસદશ્રી સી.આર.પાટીલ,સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, મ્યુ. સભ્ય શ્રીમતિ રમીલાબેન પટેલ,આસી. મ્યુનિ.કમિશનરશ્રી કમલેશભાઈ નાયક, મ્યુનિ.સભ્યશ્રીઓ, હરિ:ૐ આશ્રમના પ્રતિનિધિશ્રી કનૈયાલાલ છત્રપતિ, શ્રી સન્મુખભાઈ જીનવાલા, શ્રી જશવંત પચ્ચીગરના સુપુત્ર શ્રી કલ્પેશભાઈ પચ્ચીગર,નવનીતભાઈએ ઝંડી ફરકાવી તમામ ગૃપમાં દોડ– સાયકલ સ્પર્ધાનો શુભારંભ કરાવ્યો હતો. આઠ ગૃપમાં દોડ અને સાયકલ સ્પર્ધા થયા બાદ નીચે મુજબના સ્પર્ધકો વિજયી નીવડયા હતા.

**દોડ સ્પર્ધા**

| વિજેતા ક્રમ | છોકરાઓ | | છોકરીઓ | |
|---|---|---|---|---|
| | અ<br>૯ થી ૧૧ વર્ષ | બ<br>૧૧ થી ૧૩ વર્ષ | ક<br>૯ થી ૧૧ વર્ષ | ડ<br>૧૧ થી ૧૩ વર્ષ |
| પ્રથમ | રૂષિલ ભાટીયા | વાડીવાલા મોહમ્મદ તુરાબ | ધનવી એલ. સેલર | મનસ્વી એમ. સારંગ |
| દ્વિતિય | વિન એ. પટેલ | પટેલ ક્રિશિવ એચ. | ભગત રિધ્ધિ એફ. | વિનિશા જે. સેલર |
| તૃતિય | પટેલ દિશાંત જી. | રૂદ્ર ખલાસી | તાશા નિમેષ મોદી | સ્નેહા જૈન |
| આશ્વાસન | મેંદપરા નિર્સગ એ. | સેલર નીલ જે. | સેલર પરસીસ પી. | રિયા કે. ગડોયા |

**સાયકલ સ્પર્ધા**

| વિજેતા ક્રમ | છોકરાઓ | | છોકરીઓ | |
|---|---|---|---|---|
| | અ<br>૯ થી ૧૧ વર્ષ | બ<br>૧૧ થી ૧૩ વર્ષ | ક<br>૯ થી ૧૧ વર્ષ | ડ<br>૧૧ થી ૧૩ વર્ષ |
| પ્રથમ | ઋષિલ કે. ભાટીયા | સ્ટેલર એરીક કે. | ભવ્યા જે લાકડાવાળા | ફેરી એમ. શેઠ |
| દ્વિતિય | વૃતાશ એમ. સાંરગ | દેસાઈ મનન વી. | સેલર પર્સીસ પી. | સ્નેહલ પી. વાધ |
| તૃતિય | વ્રતેશ કમલાકર મોરે | સારંગ રજત જે. | ભગત રિધ્ધિ જી. | પટેલ વિધુતિ આર. |
| આશ્વાસન | અવધ એમ. સુકાણી | પંડયા શિવમ એસ. | દેલોક્ષી પી. ગલિયારા | રીયા કે. ગડોયા |

"શ્રી જશવંત પચ્ચીગર દોડ સ્પર્ધા"ના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, આસી.કમિશનરશ્રી કમલેશ નાયક, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, હરિ:ૐ આશ્રમના પ્રતિનિધિશ્રી કનૈયાભાઈ છત્રપતિ, શ્રી સન્મુખભાઈ જીનવાલા અને શ્રી જશવંતભાઈ પચ્ચીગરના પુત્રશ્રી કલ્પેશભાઈ પચ્ચીગર,નવનીતભાઈ તથા ઉપસ્થિત અધિકારીશ્રીઓના વરદહસ્તે વિજેતા પ્રમાણપત્ર, ટ્રોફી, રોકડ પુરસ્કાર તથા "પૂ.શ્રીમોટાનો ફોટો" "કેલેન્ડર", "ચિત્રકથા" અને "તરણામાંથી મેરૂ" પુસ્તક એનાયત કરી સન્માનીત કરવામાં આવ્યા હતા. દોડ અને સાયકલ સ્પર્ધામાં ૪૧૬ જેટલા સ્પર્ધકોએ ઉમળકાભેર ભાગ લીધો હતો. ભાગ લીધેલ તમામ સ્પર્ધકોને સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રમાણપત્ર તથા પાર્ટીસીપન્ટ ગીફટ અને પૂ.શ્રીમોટા હરિ:ૐ આશ્રમ દ્વારા પુ.શ્રીમોટાના પુસ્તકો અને જેમના નામ સાથે આ સ્પર્ધા જોડાયેલી છે એવા શ્રી જશવંતભાઈ પચ્ચીગરના પુત્રશ્રી કલ્પેશભાઈ પચ્ચીગર તરફથી દુધ અને બિસ્કીટ આપવામાં આવ્યું હતું. આ દોડ સ્પર્ધામાં અધિકારીશ્રીઓ, શિક્ષકો, વાલીઓ અને રમતપ્રેમી નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.








